Nottingham City Council

**શિશુ, જૂનિયર અને પ્રાથમિક શાળામાં પ્રવેશની સંકલિત વ્યવસ્થા 2008/09**

તમારૂં બાળક સપ્ટેમ્બર 2008માં પહેલી વાર શિશુ કે પ્રાથમિક શાળામાં પ્રવેશ લેશે અથવા સપ્ટેમ્બર 2008માં શિશુ શાળામાંથી જૂનિયર શાળામાં જશે, આથી, તમે એને જે શાળાઓમાં પ્રવેશ અપાવવા માગતા હો તેમાં જગ્યા માટે તમારે અરજી કરવાની રહેશે.

તમે તમારાં બાળકોને જે શાળાઓમાં મોકલવા માગતાં હો તેવી 3 શાળાઓની, ઑરેન્જ રંગના સમાન અરજી ફૉર્મ પર જ પસંદગી દર્શાવી શકશો. તમે Nottingham Cityની Church હસ્તકની શાળાઓ સહિત કોઈ પણ શાળાની પસંદગી કરી શકો છો. તમારે **કોઈ પણ** શાળામાં સીધી અરજી કરવાની જરૂર નથી, સિવાય કે, એ ખાનગી અથવા સ્વતંત્ર શાળા હોય.

તમે Nottingham Cityની બહારની કોઈ શાળા માટે અરજી કરવા માગતા હો તો તમારે ત્યાંની લોકલ ઑથોરિટીનો સંપર્ક કરવો પડશે.

**અરજીઓ 14 ડિસેમ્બર 2007ના બપોરના 12.00 સુધી જ સ્વીકારવામાં આવશે.** તમારી અરજી છેલ્લી તારીખ પછી મળશે તો એના પર 4 એપ્રિલ 2008 સુધી વિચાર કરાશે નહિ અને લોકપ્રિય શાળાઓમાં કદાચ જગ્યાઓ ન પણ રહે.

સમાન અરજી ફૉર્મ પર તમે નીચે આપેલી યાદીમાંથી કોઈ પણ શાળા માટે અરજી કરી શકો છોઃ

## Nottingham Cityની શાળાઓ:

| શાળાનું નામ | DCFS નં. | શાળાનું નામ | DCFS નં. |
|---|---|---|---|
| Ambleside Primary & Nursery | 892 2122 | Milford Primary | 892 2906 |
| Bentinck Primary & Nursery | 892 2045 | Northgate Primary & Nursery | 892 2081 |
| Berridge Infant & Nursery | 892 2047 | Old Basford Primary & Nursery | 892 2152 |
| Berridge Junior | 892 2046 | Our Lady of Perpetual Succour Catholic Primary & Nursery | 892 3318 |
| Blessed Robert Widmerpool Catholic Primary & Nursery | 892 3319 | Our Lady & St Edward's Catholic Primary & Nursery | 892 3320 |
| Blue Bell Hill Primary & Nursery | 892 2183 | Portland Primary & Nursery | 892 2903 |
| Bonington Infant & Nursery | 892 2177 | Radford Primary | 892 2088 |
| Bonington Junior | 892 2153 | Rise Park Primary & Nursery | 892 2151 |
| Brocklewood Infant & Nursery | 892 2086 | Riverside Primary & Nursery | 892 3325 |
| Brocklewood Junior | 892 2083 | Robert Shaw Primary | 892 2090 |
| Bulwell St Mary's CofE Primary & Nursery | 892 3000 | Robin Hood Primary & Nursery | 892 3329 |
| Burford Primary & Nursery | 892 2082 | Rosslyn Park Primary & Nursery | 892 3322 |
| Cantrell Primary & Nursery | 892 2056 | Rufford Infant & Nursery | 892 2172 |
| Carrington Primary & Nursery | 892 2057 | Rufford Junior | 892 2178 |
| Claremont Primary & Nursery | 892 2894 | Scotholme Primary & Nursery | 892 2155 |
| Dovecote Primary & Nursery | 892 3323 | Seagrave Primary | 892 2113 |
| Dunkirk Primary & Nursery | 892 2061 | Seely Infant & Nursery | 892 2186 |
| Edna G Olds Primary & Nursery | 892 2074 | Seely Junior | 892 2096 |
| **Elms Primary & Nursery (નીચે * જુઓ)** | 892 2905 | Snape Wood Primary & Nursery | 892 2897 |
| Fernwood Infant | 892 2129 | Sneinton St Stephen's CE Aided Primary | 892 3311 |
| Fernwood Junior | 892 2054 | South Wilford Endowed CE Primary | 892 3312 |
| Firbeck Primary & Nursery | 892 2064 | Southglade Primary & Nursery | 892 3326 |

| | | | |
|---|---|---|---|
| Forest Fields Primary & Nursery | 892 2929 | Southwark Primary (Nursery સાથે સંકળાયેલી) | 892 2110 |
| Glade Hill Primary & Nursery | 892 2360 | Southwold Primary & Early Years' Centre | 892 2128 |
| Glapton Primary & Nursery | 892 2907 | Springfield Primary & Nursery | 892 2917 |
| Glenbrook Primary & Nursery | 892 2932 | **St Anns Well Infant & Nursery (નીચે * જુઓ)** | 892 2092 |
| Greenfields Primary & Nursery | 892 3324 | **St Anns Well Junior (નીચે * જુઓ)** | 892 2091 |
| **Greenwood Infant & Nursery (નીચે * જુઓ)** | 892 2099 | St Augustine's Catholic Primary & Nursery | 892 3314 |
| **Greenwood Junior (નીચે * જુઓ)** | 892 2098 | St Margaret Clitherow Catholic Primary | 892 3321 |
| Haydn Primary & Nursery | 892 2163 | St Mary's Catholic Primary & Nursery | 892 3313 |
| Heathfield Primary & Nursery | 892 2095 | St Patrick's Catholic Primary & Nursery | 892 3316 |
| Hempshill Hall Primary | 892 2170 | St Teresa's Catholic Primary | 892 3317 |
| Henry Whipple Primary & Nursery | 892 3328 | Stanstead Primary & Nursery | 892 2190 |
| Highbank Primary & Nursery | 892 2909 | **Sycamore Infant & Nursery (નીચે * જુઓ)** | 892 2160 |
| Highwood Player Infant & Nursery | 892 2085 | **Sycamore Junior (નીચે * જુઓ)** | 892 2154 |
| Highwood Player Junior | 892 2084 | Walter Halls Primary | 892 2117 |
| **Hogarth Primary & Nursery (નીચે * જુઓ)** | 892 2077 | Warren Primary | 892 2898 |
| Huntingdon Primary & Nursery | 892 2939 | Welbeck Primary & Nursery | 892 2157 |
| **Jesse Boot Primary (નીચે * જુઓ)** | 892 2941 | Westglade Primary & Nursery | 892 3327 |
| Melbury Primary | 892 2079 | Whitegate Primary & Nursery | 892 2935 |
| Mellers Primary & Nursery | 892 2158 | Whitemoor Primary & Nursery | 892 2118 |
| Middleton Primary & Nursery | 892 2080 | **William Booth Infant & Nursery (નીચે * જુઓ)** | 892 2097 |

DCSF = બાળકો, શાળાઓ અને પરિવાર વિભાગ (Department for Children, Schools and Families)

ઉપરની યાદીમાં ન હોય તેવી કોઈ શાળા માટે તમારે અરજી કરવી હોય તો એમાં જગ્યા માટે શી રીતે અરજી કરવી તેની સલાહ માટે તમારે ત્યાંની લોકલ ઑથોરિટીનો સંપર્ક કરવાનો રહેશે.

*** ઉપર આપેલા કોઠામાં મોટા અક્ષરમાં દેખાડેલી શાળાઓ વિશે નોંધઃ**

Elms Primary & Nursery School - અંતિમ મંજૂરી મળે તો આ શાળા ઑગસ્ટ 2008માં બંધ કરી દેવાની દરખાસ્તો પર વિચાર ચાલે છે.

Greenwood Infant & Nursery School અને Greenwood Junior School – આ શાળાઓમાં ઉંમરની મર્યાદા વધારીને 3-11 વર્ષ કરવાની દરખાસ્તો છે, જેથી 210 બાળકોવાળી પ્રાથમિક શાળાની રચના થશે, જેમાં બન્ને સ્થળે 30 બાળકોવાળી (પૂરા સમયની બરાબર) નર્સરી હશે. અંતિમ મંજૂરી મળે તો સપ્ટેમ્બર 2009થી એ અમલમાં આવશે. આથી દરેક શાળામાં પ્રવેશ માટેની સંખ્યા 30 હશે.

Hogarth Primary & Nursery School – આ શાળામાં સપ્ટેમ્બર 2009થી સંખ્યા ઘટાડીને 210 રાખવાની દરખાસ્ત છે, જેમાં 30 બાળકોવાળી (પૂરા સમયની બરાબર) નર્સરી હશે. અંતિમ મંજૂરી મળ્યા પ્રમાણે નિર્ણય લેવાશે. આથી, આમાં પ્રવેશ માટેની સંખ્યા 30 હશે.

Jesse Boot Primary School - આ શાળામાં સપ્ટેમ્બર 2009થી સંખ્યા ઘટાડીને 420 રાખવાની દરખાસ્ત છે, જેમાં 60 બાળકોવાળી (પૂરા સમયની બરાબર) નર્સરી હશે. અંતિમ મંજૂરી મળ્યા પ્રમાણે નિર્ણય લેવાશે. આથી, આમાં પ્રવેશ માટેની સંખ્યા 60 હશે.

St Anns Well Infant & Nursery અને St Anns Well Junior Schools – ઑગસ્ટ 2008માં આ શાળાઓ, અંતિમ મંજૂરી મળે તો, બંધ કરીને, સપ્ટેમ્બર 2008માં અત્યારે શિશુ શાળા ચાલે છે તે સ્થળે નવી પ્રાથમિક અને નર્સરી શાળા શરૂ કરવાની દરખાસ્ત છે.

Sycamore Infant & Nursery અને Sycamore Junior Schools – ઑગસ્ટ 2008માં આ શાળાઓ, અંતિમ મંજૂરી મળે તો, બંધ કરીને, સપ્ટેમ્બર 2008માં અત્યારે શિશુ શાળા ચાલે છે તે સ્થળે નવી પ્રાથમિક અને નર્સરી શાળા શરૂ કરવાની દરખાસ્ત છે.

William Booth Infant & Nursery School – આ શાળાઓમાં ઉંમરની મર્યાદા વધારીને 3-11 વર્ષ કરવાની દરખાસ્તો છે, જેથી 210 બાળકોવાળી પ્રાથમિક શાળાની રચના થશે, જેમાં બન્ને સ્થળે 30 બાળકોવાળી (પૂરા સમયની બરાબર) નર્સરી હશે. અંતિમ મંજૂરી મળે તો સપ્ટેમ્બર 2009થી એ અમલમાં આવશે. આથી દરેક શાળામાં પ્રવેશ માટેની સંખ્યા 30 હશે.

**પૂરક ફૉર્મ -** તમે નીચે જણાવેલી શાળાઓમાંથી કોઈ એકમાં જગ્યા માટે અરજી કરતા હો તો તમારે ઓરેન્જ રંગના સમાન અરજી ફૉર્મમાં એનું નામ લખવાનું રહેશે **અને** પીળા રંગનું પૂરક ફૉર્મ પણ ભરવું પડશેઃ

Blessed Robert Widmerpool Catholic Primary & Nursery
Our Lady of Perpetual Succour Catholic Primary & Nursery
Our Lady & St Edward's Catholic Primary & Nursery
St Augustine's Catholic Primary & Nursery
St Margaret Clitherow Catholic Primary
St Mary's Catholic Primary & Nursery
St Patrick's Catholic Primary & Nursery
St Teresa's Catholic Primary

તમે નીચે જણાવેલી શાળાઓમાંથી કોઈ એકમાં જગ્યા માટે અરજી કરતા હો તો તમારે ઑરેન્જ રંગના સમાન અરજી ફૉર્મમાં એનું નામ લખવાનું રહેશે **અને** વાદળી રંગનું પૂરક ફૉર્મ પણ ભરવું પડશેઃ

Sneinton St Stephen's CE Aided Primary
South Wilford Endowed CE Primary

**અરજી ફૉર્મ (અથવા ફૉર્મો) પાછું આપવું -** શિશુ કે પ્રાથમિક શાળામાં 'રિસેપ્શન ઈયર'માં પ્રવેશ માટેનું ફૉર્મ (અથવા ફૉર્મો), તમારૂં બાળક સિટીની કોઈ નર્સરી (કોઈ શાળા સાથે સંકળાયેલી)માં જતું હોય તો એ શાળાના કાર્યાલયમાં જમા કરાવી દેશો. તમારૂં બાળક સિટીની કોઈ નર્સરીમાં ન જતું હોય તો તમારૂં ફૉર્મ (અથવા ફૉર્મો) ઍડમિશન્સ ઍન્ડ એકસ્કલૂઝન (Admissions and Exclusion Team) ટીમને Sandfield Centre, Sandfield Road, Lenton, Nottingham NG7 1QH ના સરનામે મોકલી આપશો.

જૂનિયર શાળાના વર્ષ 3 માં પ્રવેશ માટેનું ફૉર્મ, તમારા બાળકની અત્યારની શિશુ શાળાના કાર્યાલયમાં જમા કરાવશો.

તમારૂં ફૉર્મ (અથવા ફૉર્મો) મળ્યા પછી તેઓ તમને લેખિતમાં જાણ કરશે. તમને **10 દિવસની અંદર** જાણ ન થાય તો જ્યાં ફૉર્મ આપ્યું હોય તેની ઍડમિશન્સ ઍન્ડ એકસ્કલૂઝન ટીમનો સંપર્ક કરશો.

**નિવાસનો પુરાવો –** તમે કોઈ એવી શાળાની આસપાસના વિસ્તારમાં રહેતા હો કે રહેવા આવ્યા હો, જેના માટે આ પહેલાં કદીયે અસંખ્ય અરજીઓ આવી હોય તો, એ શાળાની આસપાસના વિસ્તારમાં રહેતા દરેક અરજદારના ઘરના સરનામા માટે ઑથોરિટી કાગળો માગશે. આ શાળાઓ છેઃ

Carrington Primary & Nursery
Fernwood Infant

Haydn Primary & Nursery
Heathfield Primary & Nursery
Henry Whipple Primary & Nursery
Middleton Primary & Nursery
Old Basford Primary & Nursery
Wellbeck Primary & Nursery

શાળામાં પ્રવેશ માટે અરજી કરતી વખતે તમારા ઘરના સરનામાની ચોકસાઈ માટે નીચે આપેલી ત્રણ શ્રેણી પૈકી **દરેકમાંથી એક** પુરાવો રજૂ કરવો પડશે. આમ કરવાનું કારણ એ કે સંબંધિત શાળાની આસપાસના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીને પ્રાથમિકતા મળવી જોઈએ અને છેતરપીંડીભરી કે ગેરરસ્તે દોરનારી માહિતીના આધારે કોઈને પ્રવેશ ન મળવો જોઈએ. છેતરપીંડીથી કોઈએ પ્રવેશ લીધો હશે તો એ રદ કરવામાં આવશે.

**શ્રેણી 1:** ચાઈલ્ડ બેનીફિટ એજન્સી (Child Benefit Agency) **અથવા** ચાઈલ્ડ ટૅક્સ ક્રેડિટ એજન્સી (Child Tax Credit Agency)ના પત્રની નકલ. આ બંનેમાં તમારા બાળકનું નામ અને ઘરનું સરનામું હોવું જોઈએ. [તમારી પાસે છેલ્લામાં છેલ્લો દસ્તાવેજ ન હોય તો 0845 302 1444 પર ચાઈલ્ડ બેનીફિટ એજન્સી (Child Benefit Agency)ની હેલ્પલાઈનનો સંપર્ક કરશો].

**શ્રેણી 2:** ભાડાચિઠ્ઠીની નકલ **અથવા** ઘરનું બાંધકામ પૂરૂં થયેલું હોવાનો સોલિસિટરનો પત્ર **અથવા** કાઉંસિલ ટેક્સ બિલ (Council Tax Bill) (6 મહિના કરતાં વધારે સમયથી રહેનારનું જ કાઉંસિલ ટૅક્સ બિલ સ્વીકારાશે).

**શ્રેણી 3:** બૅન્ક સ્ટેટમેન્ટની નકલ **અથવા** યૂટીલિટી બિલ (મોબાઈલ ફોનનું બિલ નહિ સ્વીકારાય), બંનેની તારીખ છેલ્લા 6 મહિનાની અંદર હોવી જોઈએ.

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ 14 ડિસેમ્બર 2007 ના બપોરના 12.00 વાગ્યા સુધી દરેક શ્રેણીના દસ્તાવેજ નહિ મળે તો લોકલ ઑથોરિટી તમારી અરજી પર શાળાની આસપાસના વિસ્તારના રહેવાસી તરીકે વિચાર નહિ કરી શકે અને તમારા વિસ્તારની શાળામાં પ્રવેશ માટે તમારા બાળકની તકો ઓછી થઈ જશે.

**તમારા બાળકને કઈ શાળામાં પ્રવેશ આપવો તેનો નિર્ણય લોકલ ઑથોરિટી શી રીતે કરે છે** – તમે જે શાળાઓનાં નામ આપ્યાં હશે તેમાંથી એક કરતાં વધારે શાળાઓમાં પ્રવેશ આપી શકાય તેમ હશે તો જે શાળાનું નામ તમે સૌથી ઉપર મૂકયું હશે તેમાં પ્રવેશની ઑફર કરાશે.

તમારી પસંદગીની કોઈ પણ શાળામાં પ્રવેશ આપી શકાય તેમ નહિ હોય તો લોકલ ઑથોરિટી બીજી કોઈ પણ 3 જેટલી શાળાઓ માટે અરજી કરવા કહેશે. કઈ શાળામાં જગ્યા છે તેની માહિતી ઍડમિશન્સ ઍન્ડ એક્સ્કલૂઝન ટીમ (Admissions and Exclusion Team) પાસેથી મળી શકશે.

**તમારી વિનંતીનો અસ્વીકાર થશે તો** – તમે સ્વતંત્ર અપીલ પૅનલ (Independent Appeal Panel) સમક્ષ અપીલ કરી શકો છો. તમારે અપીલ કરવી હોય તો તમારા વિશેના નિર્ણયનો પત્ર મળે તે પછીના 14 દિવસની અંદર તમારે ઍડમિશન્સ ઍન્ડ એક્સ્કલૂઝન ટીમ (Admissions and Exclusion Team)નો સંપર્ક કરવાનો રહેશે, જે તમને અપીલનું ફૉર્મ અને એક લીફલેટ મોકલશે. લીફલેટમાં અપીલની કાર્યપદ્ધતિ અને અપીલમાં શું થશે તે સમજાવેલું હશે. તમે 0115 915 0763 પર ફોન કરીને નકલ માગી શકો છો.

**પ્રતીક્ષા સૂચી** – તમારા બાળકનું નામ, શહેરની જે સામુદાયિક કે સ્વૈચ્છિક નિયંત્રણ હેઠળની શાળામાં એને પ્રવેશ આપવાનો ઈન્કાર થયો હોય અને જ્યાં પ્રવેશ મળ્યો હોય તે શાળા કરતાં જેને ઉપર મૂકી હોય તે જ શાળાની પ્રતીક્ષા સૂચીમાં એનું નામ રહેશે. તમારી અરજીને પ્રવેશ માટેના કયા માપદંડ લાગુ પડે છે તેના પરથી પ્રતીક્ષા સૂચીમાં એનો કયો નંબર હશે તે નક્કી થશે. આ દસ્તાવેજના અંતે પ્રવેશના માપદંડ દર્શાવેલા છે. પ્રવેશના માપદંડ પ્રમાણે જેમની ઉચ્ચ પ્રાથમિકતા હોય પરંતુ અરજી મોડેથી કરી હોય તેઓને, થોડા વખતથી સૂચીમાં હોય તેવા વિદ્યાર્થીઓ કરતાં આગળ મૂકવામાં આવશે. પ્રતીક્ષા સૂચીમાં સમરની અર્ધી ટર્મ (એટલે કે મે 2009 ) સુધી ચાલુ રહેશે.

**તમારી અરજી પરના નિર્ણયની તમને ક્યારે જાણ કરાશે ?** 4 એપ્રિલ 2008 ના રોજ, સમયસર અરજી કરનારા દરેક અરજદારને પત્રો મોકલાશે અને એમને એક જ શાળામાં પ્રવેશની ઑફર કરાશે. પત્રો એ દિવસે **ટપાલમાં** જશે, એનો અર્થ એ કે તમને 5 કે 7 એપ્રિલ 2008ના રોજ પત્ર મળશે. તમારા વિશેનો નિર્ણય જાણવા એડમિશન્સ ઍન્ડ એકસ્કલૂઝન ટીમ (Admissions and Exclusion Team)ને ફોન ન કરશો કારણ કે અમે ફોન પર નિર્ણય જણાવી શકીએ  તેમ નથી. તમારે  તમારા નિર્ણયનો પત્ર મળે ત્યાં સુધી રાહ જોવા વિનંતી છે.

મદદ અને સલાહ – માધ્યમિક શાળામાં પ્રવેશ માટે અરજી કરવામાં મદદ કે સલાહની જરૂર હોય તો ચૉઈસ એડવાઈસ સર્વિસ (Choice Advice Service)ને 0800 458 4114 પર અથવા એડમિશન્સ ઍન્ડ એકસ્કલૂઝન ટીમ (Admissions and Exclusion Team)ને 0115 915 0763 પર ફોન કરશો.

**યાદ રાખો – અરજી 14 ડિસેમ્બર 2007ના બપોરના 12 વાગ્યા સુધી જ સ્વીકારાશે.**

**સામુદાયિક શિશુ / પ્રાથમિક શાળામાં પહેલી વાર પ્રવેશના માપદંડ 2008/09**

નીચે આપેલા પ્રવેશના માપદંડ Nottingham Cityમાં **સામુદાયિક** શિશુ અને પ્રાથમિક શાળા તેમ જ સ્વૈચ્છિક નિયંત્રણ હેઠળની શાળામાં પ્રવેશ આપવા માટે લાગુ પડશે.

નીચે આપેલા માપદંડોમાંથી કોઈ એક અનુસાર વધારે અરજીઓ આવી હશે તો, શાળાની સૌથી નજીક રહેતા અરજદારને પ્રાથમિકતા અપાશે. આ અંતર સીધી રેખામાં (કૉમ્પ્યૂટરીકૃત ભૌગોલિક સ્થાન માહિતી વ્યવસ્થા દ્વારા) ઘરથી શાળા સુધી માપવામાં આવશે (એટલે કે પક્ષીના ઉડવાના માર્ગ પ્રમાણેનું અંતર).

જે વિદ્યાર્થી પાસે સ્પેશ્યલ એજ્યૂકેશન નીડ્ઝનું નિવેદન (Statement of Special Educational Need) હશે, જેમાં શાળાનું નામ નિવેદનમાં લખ્યું હોય તો એ શાળામાં એને પ્રવેશ અપાશે. આવું થશે તો ફાળવણી માટે ખાલી હોય તેવા સ્થાનોની સંખ્યા ઘટી જશે.

1) સૌ પહેલાં, અરજીની છેલ્લી તારીખે જે બાળકો **શાળાની આસપાસના વિસ્તારમાં રહેતાં હશે** અને એ શાળામાં જેમનાં માતાપિતાએ એમની નોંધણી કરાવી હશે અને પ્રવેશ વખતે એમનાં **ભાઈ કે બહેન** એ જ શાળામાં કે ઈંડીવિઝ્યૂઅલ નીડ્ઝ સેંટરમાં **ભણતાં હશે** એમને સૌ પહેલાં પ્રવેશ અપાશે.

2) તે પછી, અરજીની છેલ્લી તારીખે જે બાળકો **શાળાની આસપાસના વિસ્તારમાં રહેતાં હશે** અને એ શાળામાં જેમનાં માતાપિતાએ એમની નોંધણી કરાવી હશે એમને પ્રવેશ અપાશે.

3) તે પછી, જે બાળકો **શાળાની આસપાસના વિસ્તારની બહાર રહેતાં હોય** અને જેમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે અરજી કરી હોય અને પ્રવેશ આપવાના સમયે જેમનાં **ભાઈ કે બહેન** એ જ શાળામાં કે ઈંડીવિઝ્યૂઅલ નીડ્ઝ સેંટરમાં **ભણતાં હશે** એમને પ્રવેશ અપાશે.

4) તે પછી, બીજાં જે બાળકો **શાળાની આસપાસના વિસ્તારની બહાર રહેતાં હોય** અને એમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે અરજી કરી હોય તેમને પ્રવેશ અપાશે.

પરંતુ એજ્યૂકેશન (ઍડમિશન્સ ઑફ લૂક્ડ આફ્ટર ચિલ્ડ્રન) (ઈંગ્લૅન્ડ) રેગ્યૂલેશન્સ 2006 [Education (Admissions of Looked After Children) (England) Regulations 2006] અનુસાર અને ચિલ્ડ્રન ઍક્ટ 1989 (Children Act 1989)ની કલમ 22 અન્વયે જે બાળકોની સંભાળ લોકલ ઑથોરિટી (સાર્વજનિક સંભાળ હસ્તકનાં બાળકો) દ્વારા લેવાતી હોય અને (a) શાળામાં પ્રવેશની અરજી વખતે એમની સંભાળ લેવાતી હોય અને (b) લોકલ ઑથોરિટી જે બાળક માટે એવું કહેશે કે બાળકને શાળામાં પ્રવેશ મળવાના સમયે પણ એની સંભાળ લેવાશે, એવાં બાળકોને પ્રાથમિકતા અપાશે અને ઉપરોક્ત માપદંડો (1-4)ને ધ્યાનમાં લેવાશે નહિ.

નીચેની બાબતો સાબીત કરી શકે એવા અરજદારોની બાબતમાં પણ ઉપરોક્ત માપદંડો (1-4) ધ્યાનમાં લેવાશે નહિ અને એમને પ્રાથમિકતા અપાશેઃ

- કોઈ ખાસ શાળામાં જ સંતોષી શકાય તેવી સ્પેશ્યલ એજ્યૂકેશન નીડ્ઝવાળા વિદ્યાર્થીઓ (એટલે કે સ્પેશ્યલિસ્ટની વ્યવસ્થા હોય તેવી શાળા)*
- પ્રવાસીઓનાં બાળકો, અસાધારણ પ્રકારની તબીબી, હલનચલનને લગતી કે સામાજિક સ્થિતિ, જેનું નિરાકરણ માત્ર કોઈ ખાસ શાળામાં જ આવી શકે*

* આ શ્રેણીઓ માટેની અરજીઓના ટેકામાં ડૉક્ટર, સામાજિક કાર્યકર કે સંબંધિત વ્યવસાયીનું લેખિત નિવેદન હોવું જરૂરી છે. આની જરૂર એટલા માટે છે કે તમે બીજાં બાળકો કરતાં તમારા બાળકની જરૂરિયાત વધારે પ્રબળ છે એવું મૂલ્યાંકન કરવા માટે ઑથોરિટી પાસે માગણી કરો છો. દરેક કેસનો વિચાર ચિલ્ડ્રન્સ સર્વિસિઝના કૉર્પોરેટ ડાયરેક્ટર (અથવા એમના દ્વારા નિમાયેલા પ્રતિનિધિ) સંબંધિત શાળા સાથે સંપર્કમાં રહીને ગુણદોષના આધારે કરશે.

**કોઈ નર્સરીમાં તમારૂં બાળક ભણતું હોય તેથી એની મુખ્ય શાળામાં શિશુ / પ્રાથમિક શિક્ષણ માટે પ્રવેશ મળવાની બાંહેધરી મળી નથી જતી. મુખ્ય શાળામાં પ્રવેશ માટેની અરજી લોકલ ઑથોરિટીને જ આપવાની છે.**

**સામુદાયિક જૂનિયર શાળામાં પ્રવેશના માપદંડ 2008/09**

નીચે આપેલા પ્રવેશના માપદંડ Nottingham Cityમાં **સામુદાયિક** જૂનિયર શાળામાં પ્રવેશ આપવા માટે લાગુ પડશે.

જે વિદ્યાર્થી પાસે સ્પેશ્યલ એજ્યૂકેશન નીડ્ઝનું નિવેદન (Statement of Special Educational Need) હશે, જેમાં શાળાનું નામ નિવેદનમાં લખ્યું હોય તો એ શાળામાં એને પ્રવેશ અપાશે. આવું થશે તો ફાળવણી માટે ખાલી હોય તેવા સ્થાનોની સંખ્યા ઘટી જશે.

1. સૌ પહેલાં સંબંધિત શાળા સાથે જોડાયેલી શિશુ શાળામાં ભણતાં હોય અને જેમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે વિનંતી કરી હોય તેમને પ્રવેશ અપાશે.

પહેલા માપદંડ પ્રમાણે ઘણીબધી અરજીઓ આવશે તો નીચે દર્શાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રાથમિકતા અપાશેઃ

i) સૌ પહેલાં, અરજીની છેલ્લી તારીખે જે બાળકો શાળાની આસપાસના વિસ્તારમાં રહેતાં હશે અને એ શાળામાં જેમનાં માતાપિતાએ એમની નોંધણી કરાવી હશે અને પ્રવેશ વખતે એમનાં ભાઈ કે બહેન એ જ શાળામાં કે ઈંડીવિઝ્યૂઅલ નીડ્ઝ સેંટરમાં ભણતાં હશે એમને સૌ પહેલાં પ્રવેશ અપાશે;

ii) તે પછી, અરજીની છેલ્લી તારીખે જે બાળકો શાળાની આસપાસના વિસ્તારમાં રહેતાં હશે અને એ શાળામાં જેમનાં માતાપિતાએ એમની નોંધણી કરાવી હશે એમને પ્રવેશ અપાશે;

iii) તે પછી, જે બાળકો શાળાની આસપાસના વિસ્તારની બહાર રહેતાં હોય અને જેમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે અરજી કરી હોય અને પ્રવેશ આપવાના સમયે જેમનાં ભાઈ કે બહેન એ જ શાળામાં કે ઈંડીવિઝ્યૂઅલ નીડ્ઝ સેંટરમાં ભણતાં હશે એમને પ્રવેશ અપાશે;

iv) તે પછી, બીજાં જે બાળકો શાળાની આસપાસના વિસ્તારની બહાર રહેતાં હોય અને એમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે અરજી કરી હોય તેમને પ્રવેશ અપાશે;

નીચે આપેલા માપદંડોમાંથી કોઈ એક અનુસાર વધારે અરજીઓ આવી હશે તો, શાળાની સૌથી નજીક રહેતા અરજદારને પ્રાથમિકતા અપાશે. આ અંતર સીધી રેખામાં (કૉમ્પ્યૂટરીકૃત ભૌગોલિક સ્થાન માહિતી વ્યવસ્થા દ્વારા) ઘરથી શાળા સુધી માપવામાં આવશે (એટલે કે પક્ષીના ઉડવાના માર્ગ પ્રમાણેનું અંતર).

2. સૌ પહેલાં, અરજીની છેલ્લી તારીખે જે બાળકો શાળાની આસપાસના વિસ્તારમાં રહેતાં હશે અને એ શાળામાં જેમનાં માતાપિતાએ એમની નોંધણી કરાવી હશે અને પ્રવેશ વખતે એમનાં ભાઈ કે બહેન એ જ શાળામાં કે ઈંડીવિઝ્યૂઅલ નીડ્ઝ સેંટરમાં ભણતાં હશે એમને સૌ પહેલાં પ્રવેશ અપાશે.

3. તે પછી, અરજીની છેલ્લી તારીખે જે બાળકો શાળાની આસપાસના વિસ્તારમાં રહેતાં હશે અને એ શાળામાં જેમનાં માતાપિતાએ એમની નોંધણી કરાવી હશે એમને પ્રવેશ અપાશે.

4. તે પછી, જે બાળકો શાળાની આસપાસના વિસ્તારની બહાર રહેતાં હોય અને જેમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે અરજી કરી હોય અને પ્રવેશ આપવાના સમયે જેમનાં ભાઈ કે બહેન એ જ શાળામાં કે ઈંડીવિઝ્યૂઅલ નીડ્ઝ સેંટરમાં ભણતાં હશે એમને પ્રવેશ અપાશે.

5. તે પછી, બીજાં જે બાળકો શાળાની આસપાસના વિસ્તારની બહાર રહેતાં હોય અને એમનાં માતાપિતાએ એ શાળામાં પ્રવેશ માટે અરજી કરી હોય તેમને પ્રવેશ અપાશે.

પરંતુ એજ્યૂકેશન (ઍડમિશન્સ ઑફ લૂકડ આફટર ચિલ્ડ્રન) (ઈંગ્લૅન્ડ) રેગ્યૂલેશન્સ 2006 [Education (Admissions of Looked After Children) (England) Regulations 2006] અનુસાર અને ચિલ્ડ્રન ઍક્ટ 1989 (Children Act 1989)ની કલમ 22 અન્વયે જે બાળકોની સંભાળ લોકલ ઑથોરિટી (સાર્વજનિક સંભાળ હસ્તકનાં બાળકો) દ્વારા લેવાતી હોય અને (a) શાળામાં પ્રવેશની અરજી વખતે એમની સંભાળ લેવાતી હોય અને (b) લોકલ ઑથોરિટી જે બાળક માટે એવું કહેશે કે બાળકને શાળામાં પ્રવેશ મળવાના સમયે પણ એની સંભાળ લેવાશે, એવાં બાળકોને પ્રાથમિકતા અપાશે અને ઉપરોકત માપદંડો (1-5)ને ધ્યાનમાં લેવાશે નહિ.

નીચેની બાબતો સાબીત કરી શકે એવા અરજદારોની બાબતમાં પણ ઉપરોકત માપદંડો (1-5) ધ્યાનમાં લેવાશે નહિઃ

- કોઈ ખાસ શાળામાં જ સંતોષી શકાય તેવી સ્પેશ્યલ એજ્યૂકેશન નીડ્ઝવાળા વિદ્યાર્થીઓ (એટલે કે સ્પેશ્યલિસ્ટની વ્યવસ્થા હોય તેવી શાળા)*
- પ્રવાસીઓનાં બાળકો, અસાધારણ પ્રકારની તબીબી, હલનચલનને લગતી કે સામાજિક સ્થિતિ, જેનું નિરાકરણ માત્ર કોઈ ખાસ શાળામાં જ આવી શકે*

* આ શ્રેણીઓ માટેની અરજીઓના ટેકામાં ડૉકટર, સામાજિક કાર્યકર કે સંબંધિત વ્યવસાયીનું લેખિત નિવેદન હોવું જરૂરી છે. આની જરૂર એટલા માટે છે કે તમે બીજાં બાળકો કરતાં તમારા બાળકની જરૂરિયાત વધારે પ્રબળ છે એવું મૂલ્યાંકન કરવા માટે ઑથોરિટી પાસે માગણી કરો છો. દરેક કેસનો વિચાર ચિલ્ડ્રન્સ સર્વિસિઝના કૉર્પોરેટ ડાયરેકટર (અથવા એમના દ્વારા નિમાયેલા પ્રતિનિધિ) સંબંધિત શાળા સાથે સંપર્કમાં રહીને ગુણદોષના આધારે કરશે.

**ભાઈઓ કે બહેનો – સહોદરના સંબંધ**

1) પ્રવેશના હેતુ માટે નૉટિંગહામ સિટી કાઉંસિલ નીચેના સંબંધોને સહોદર સંબંધ માને છેઃ

- એ જ માતાપિતા હોય તેવાં ભાઈ કે બહેન;
- સાવકો ભાઈ કે સાવકી બહેન, જ્યાં બે બાળકોનો પિતા અથવા એમની માતા, કોઈ એક, એ જ હોય;
- ઓરમાન ભાઈ કે બહેન, જ્યાં બે બાળકો વચ્ચે માતા અથવા પિતાના લગ્નને કારણે સંબંધ થાય;
- રેસિડન્સ ઑર્ડરની શરતો પ્રમાણે એક જ પરિવારમાં રહેતાં દત્તક કે પાલિત બાળકો.

2) Nottingham City Council નીચેના સંબંધોને સહોદર સંબંધ નથી માનતી :

- પિતરાઈઓ અથવા ઉપર 1) માં સમાવેશ ન થઈ શકે એવા કૌટુંબિક સંબંધો;
- પસંદ કરેલી શાળામાં 1 સપ્ટેમ્બર 2008ના નોંધણી ન થઈ હોય તેવા વિદ્યાર્થી અથવા 2008/09 ના શાળાકીય વર્ષ માટે લોકલ ઑથોરિટીએ જેમને જગ્યા ફાળવી ન હોય.

- બીજી ઍડમિશન ઑથોરિટી સહોદર સંબંધ વિશે જુદા માપદંડ લાગુ કરતી હોય એ શકય છે.

**ઍડમિશન્સ ઍન્ડ એકસ્કલૂઝન ટીમ (Admissions and Exclusion Team)નો 0115 915 0763 પર સંપર્ક કરી શકાય છે અથવા નીચેના સરનામે રૂબરૂ મળોઃ**

**The Sandfield Centre**
**Sandfield Road**
**Lenton**
**Nottingham**
**NG7 1QH**

**ઑફિસ સવારના 8.30થી સાંજના 4.50 સુધી ખુલ્લી રહે છે.**